Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 6
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 30 min
Date : 19/05/2020
Marks : 25
Roll No. : ____________

---

**Q - 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

1. નીચેના પૈકી કયો ફેરફાર પદાર્થમાં અન્ય પદાર્થ મિશ્ર કરવાથી થાય છે
   A. લોખંડને ગરમ કરવું
   B. ઘઉંને દળીને લોટ બનાવવો
   C. દૂધમાંથી દહીં બનાવવું
   D. કાગળની હોડી બનાવવી
2. ગરમી આપવાથી થતો ફેરફાર ઉલટાવી ન શકાય તેવો ફેરફાર હોય તેવું ઉદાહરણ કયું છે?
   A. બરફ પીગળી પાણી થવું
   B. પાણીમાંથી વરાળ બનવી
   C. કોલસાનું સળગવું
   D. લોખંડનું પ્રસરણ થવું
3. એક કાગળના ટુકડામાંથી વિમાન બનાવ્યું છે. તેમાં કોઈ કાપકૂપ નથી કરી તેમાંથી પાછી ગડી ખોલીશું, તો કેવો ફેરફાર થશે ?
   A. ઉલટાવી શકાય નહિ તેવો
   B. ઉલટાવી શકાય તેવો
   C. ભૌગોલિક
   D. સ્થિર બદલાવ

**Q - 1 (B) ખાલી જગ્યા પૂરો.** **(Marks - 3)**

4. લોખંડને ગરમ કરતાં તે ............... જાય છે.
5. અગરબત્તી સળગાવવાથી કોઈ નવા પદાર્થ બનાવે છે,જે ............. અથવા.............સ્વરૂપે હોય છે.
6. માટી ખોદવાવાળાં ઓજારોમાં લોખંડના ફલકમાં એક ............. હોય છે.

**Q - 2 (A) નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો.** **(Marks - 3)**

7. બાળકનું યુવાન થવું એ ઉલટાવી શકાય તેવો ફેરફાર છે.
8. આપણા શરીરની લંબાઈમાં વધારો એ ઉલટાવી શકાય એવો ફેરફાર છે.
9. ઝાડનાં પાન ખરી પડવાં એ ઉલટાવી શકાય તેવો ફેરફાર છે.

**Q - 2 (B) જોડકા જોડો.** **(Marks - 2)**

10. જોડકાં જોડો

| | | |
|---|---|---|
| 1. | ઘઉંનો લોટ. | (a) ઉલટાવી ન શકાય તેવો ફેરફાર |
| 2. | કુંભાર. | (b) કણક |
| 3. | લોખંડનું કટાવું. | (c) ઉલટાવી શકાય તેવો ફેરફાર |
| 4. | લોખંડનું ગરમ થવું. | (d) ચાકડો |

**Q - 2 (C) નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો.** **(Marks - 4)**

11. શા માટે દૂધનું દહીં બનવું એ ઉલટાવી ન શકાય તેવો ફેરફાર છે?
12. લોખંડના ઓજાર બનાવવા લોખંડને કેટલું ગરમ કરવામાં આવે છે ?
13. મીણનું પીગળવું એ કેવો ફેરફાર છે ?
14. રબરનો સતત ઉપયોગ કરવાથી શામાં ફેરફાર થાય છે?

BHAVDIP VADHER (E-LEARNING)

**Q - 3 નીચેના પ્રશ્નોનાં બે વાક્યમાં ઉત્તર આપો.** **(Marks - 4)**

15. ઉલટાવી શકાય તેવા ફેરફાર એટલે શું? બે ઉદાહરણ આપો.
16. ગરમી આપવાથી થતા ફેરફારોનાં ચાર ઉદાહરણ આપો.

**Q - 4 નીચેના પ્રશ્નોનાં સાત આઠ વાક્યમાં ઉત્તર આપો.** **(Marks - 6)**

17. ઘઉંમાંથી શરૂ કરીને રોટલી શેકવાની પ્રક્રિયા દરમિયાન થતા ફેરફારો જણાવો. આ ફેરફાર ઉલટાવી શકાય તેવા છે કે ઉલટાવી ન શકાય તેવા છે તે પણ જણાવો.
18. પ્રયોગ : કાગળના ટુકડાને વાળીને વિમાન બનાવવું એ ઉલ્ટાવી શકાય તેવો ફેરફાર છે તે દર્શાવવું.

## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 6

# ANSWERS

Exam Time : 30 min
Date : 19/05/2020
Marks : 25

---

**Q - 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

1. દૂધમાંથી દહીં બનાવવું
2. કોલસાનું સળગવું
3. ઉલટાવી શકાય તેવો

**Q - 1 (B) ખાલી જગ્યા પૂરો.** **(Marks - 3)**

4. ફેલાઈ
5. રાખ, વાયુ
6. વલય

**Q - 2 (A) નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો.** **(Marks - 3)**

7. ખોટું (False)
8. ખોટું (False)
9. ખોટું (False)

**Q - 2 (B) જોડકા જોડો.** **(Marks - 2)**

10. (1) > (b), (2) > (d), (3) > (a), (4) > (c).

**Q - 2 (C) નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો.** **(Marks - 4)**

11. દૂધનું દહીં બને પછી દહીંમાંથી દૂધ મેળવી શકાતું નથી, તેથી દૂધનું દહીં બનવું એ ઉલટાવી ન શકાય તેવો ફેરફાર છે.
12. લોખંડના ઓજાર બનાવવા લોખંડને જ્યાં સુધી તે લાલચોળ ન થઈ જાય ત્યાં સુધી તેને ગરમ કરવામાં આવે છે.
13. મીણનું પીગળવું એ ઉલટાવી શકાય એવો ફેરફાર છે.
14. આકાર અને કદમાં

**Q - 3 નીચેના પ્રશ્નોનાં બે વાક્યમાં ઉત્તર આપો.** **(Marks - 4)**


15. જે ફેરફારને ઉલટાવી મુળ પદાર્થ પુનઃ મેળવી શકાતો હોય તેને ઉલટાવી શકાય તેવો ફેરફાર કહે છે. ઉદાહરણ : (1) મીઠાનું પાણીમાં ઓગળવું (2) પાણીનો બરફ થવો
16. ગરમી આપવાથી થતા ફેરફારોનાં ચાર ઉદાહરણ નીચે મુજબ છે : (1) લોખંડને ગરમ કરવું (2) મીણબત્તી સળગાવવી (3) પાણીની વરાળ થવી (4) વણેલી પૂરી તળવી

**Q - 4 નીચેના પ્રશ્નોનાં સાત આઠ વાક્યમાં ઉત્તર આપો.** **(Marks - 6)**

17. ઘઉંમાંથી શરૂ કરીને રોટલી શેકવાની પ્રક્રિયા દરમિયાન થતા ફેરફારો અને તેના પ્રકાર નીચે મુજબ છે : (1) ઘઉંના દાણામાંથી લોટ બનાવવો – ઉલટાવી ન શકાય તેવો ફેરફાર (2) ઘઉંના લોટમાંથી કણક બનાવવી – ઉલટાવી શકાય તેવો ફેરફાર (3) કણકમાંથી નાનાં ગોળ ગુલ્લાં બનાવવાં – ઉલટાવી શકાય તેવો ફેરફાર (4) ગોળ ગુલ્લાંમાંથી રોટલી વણવી – ઉલટાવી શકાય તેવો ફેરફાર (5) વણેલી રોટલી તવા પર શેકવી – ઉલટાવી ન શકાય તેવો ફેરફાર

BHAVDIP VADHER (E-LEARNING)

18. સાધન-સામગ્રી : કાગળનો ટુકડો.



પદ્ધતિ : (1) એક કાગળનો ટુકડો લો. (2) તેને આકૃતિમાં દર્શાવ્યા મુજબ વાળી વિમાન બનાવો. (3) હવે કાગળને ઉકેલી સીધો કરો. (4) મૂળ કાગળ જેવો જ કાગળ મળે છે.

અવલોકન : કાગળના ટુકડાને યોગ્ય રીતે વાળવાથી વિમાન બને છે અને તેને સીધો કરવાથી મૂળ સ્વરૂપમાં કાગળ પુનઃ પ્રાપ્ત થાય છે.

નિર્ણય : કાગળના ટુકડાને વાળીને વિમાન બનાવવું એ ઉલટાવી શકાય તેવો ફેરફાર છે.

BHAVDIP VADHER (E-LEARNING)